પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

-:જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નંબર: વિ.શા/એ-સે/પરમીટ/જાહેરનામું/ગાંધીનગર.મ્યુ.કો.ચૂં/લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ અંગે

૧૦૬ /૨૦૨૬ તા.૨૧/૦૯/૨૦૨૬

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૧૬/૦૯/૨૦૨૬ સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી તા.૧૧/૧૦/૨૦૨૬ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી પંચના તા-૦૭/૦૧/૨૦૧૦ ના આદેશ ક્રમાંક: રાચપ/ ચટણ/સીઓસી/ સ્થા.સ્વ/૧૩૮(૧)/૧૨૨૦૦૯/ક થી જણાવ્યા મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકિય પક્ષો, ઉમેદવારો અને તેના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણીપ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરોનો ઉપયોગ મોટા પાયે કરે છે. પ્રચાર માટે ઉંચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખુબ જ ધ્વનિ પ્રદુષણ પેદા થાય છે અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણીપ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી છે.

હું અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

સમગ્ર અમદાવાદ શહેરની હકુમત હદ વિસ્તારમાં નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.

(૧)કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના કલાક ૦૮/૦૦ થી રાત કલાક ૨૨/૦૦ સુધી જ થઈ શકશે.

(૨)ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હિકલ એકટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારના વાહન પર ચૂંટણીપ્રચાર દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સબંધિત ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી પાસેથી નિયત નમુનામાં અરજી કરીને વાહન પરમીટ પ્રથમ લેવાની રહેશે તથા વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩)કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતાં પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૪)લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધન કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૫)કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

આ હુકમ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગાંધીનગર મ્યુ.કોર્પો. વોર્ડ નંબર-૧૧ જેમાં અમદાવાદ શહેરનો ચુંટણીઓમાં સમાવિષ્ટ વિસ્તાર એરપોર્ટ પો.સ્ટે તથા ચાંદખેડા પો.સ્ટે વિસ્તાર માટે લાગુ પડશે.

આ હુકમ તા.૨૧/૦૯/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૬/૧૦/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અનુકમે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શીક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે અનુકમે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ કાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૦) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (**C.P. Ahmedabad website** ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૯) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ **Social Media** પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૩૦) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી

(૩૧) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.